| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

## મે. રાજકોટના ત્રીજા જયુડી. મેજી. ફ. ક. સાહેબશ્રી ની કોર્ટમાં,

ક્રીમી. કેસ નં- ૨૩૧૦૪/૨૨

આંક - 4

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂદધ

આરોપી – ઇરફાન ફુરકાન સોલંકી

ગુનો – આઈ.પી.સી.૨૮૩ મુજબ...

**-:ઃ ચુકાદો ઃ:-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો આઇ.પી.સી.૨૮૩ નો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂદધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ હોય જેથી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને

કોઈ કારણ રહેતુ નથી. હાલના ગુનાની સજાની જોગવાઇ છે કે ગુના માટે કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ જેમાં ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, આરોપી સ્ત્રી હોય તે ઘ્યાને રાખતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુના જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત ઘ્યાને રાખતા ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// હુકમ ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત આઇ.પી.સી.ક.૨૮૩ મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ રૂ...100.........../– (અંકે રૂપિયા ...સો............ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નીયમો મુજબની નાશ કરવાની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા. ૧૧/૦૨/૨૦૨૩ ના રોજ લોકઅદાલમાં જાહેર કર્યો.

તારીખ: ૧૧.૦૨.૨૦૨૩
સ્થળ: રાજકોટ. ઇ.ચા. ત્રીજા જયુડી.મેજી.ફ.ક., રાજકોટ.

ફોજદારી દંડની રકમ રૂ. ...100/-...... દંડની પહોંચ નં. ...93... 11/2/2023 થી વસુલ લીધી.

PAM
Nazir
C. J. M. Court
Rajkot.